# જતન કરવા માટે આશીર્વાદ

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

'મંદિરમાં રહો' સત્સંગ

શનિવાર, ૨૭ જૂન ૨૦૨૦

જીવન જીવવા માટે છે.
અજ્ઞાનતામાં જીવવું
અથવા જ્ઞાન સાથે જીવવું,
તમારા જીવનને આજે અને હંમેશ માટે પરિભાષિત કરે છે.

જીવનમાં ઉદ્દેશ્ય હોવો જ જોઈએ.
તમારી નિયતિને પરિપૂર્ણ કરવા માટે
ઉદ્દેશ્યનું માનસચિત્રણ કરવું
અને તેના પર કાર્ય કરવું જરૂરી છે.

જીવન પરમાત્મા તરફથી એક ભેટ છે.
પરમાત્મા કરુણાશીલ છે.
પરમાત્માનાં દર્શન
બધાંમાં વિદ્યમાન દિવ્ય પ્રકાશનાં રૂપે કરવાં જોઈએ.

જીવન મીઠું છે અને જીવન કડવું છે.
મનુષ્યો દ્વારા કરવામાં આવતાં કર્મોના
જટિલ તાણાવાણામાં
મીઠાશ અને કડવાશ, બંને ગૂંથાયેલી છે.

જીવન સુંદર છે અને જીવન કુરૂપ છે.
સુંદરતા અને કુરૂપતા બે પરિણામ છે,

એ વાતના કે તમે કેવી રીતે
જીવનના પહાડો અને ઘાટીઓને,
નદીઓ અને નહેરોને,
સમુદ્રો અને તળાવોને પાર કરવાનો નિર્ણય લો છો.

જીવન સરળ છે અને જીવન જટિલ છે.
સરળતા અને જટિલતા
માનસિક સંકલ્પ-વિકલ્પની ઉપજ છે
જે સહજતાથી શ્વાસ લેવા દે છે
અથવા શ્રમસાધ્ય શ્વાસનો અનુભવ કરાવે છે.

જીવન નિષ્પક્ષ છે.
પણ, આ સૃષ્ટિ કેટલી પ્રાચીન છે.
તમારે ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યને સંભાળવાના છે
તેનાથી ઉપર રહીને,
તમે કેવી રીતે તરતા રહી શકો, એ શીખીને
અને ઉડાન ભરવાનું સાહસ કરીને.

જીવન એક રીત છે ભગવાનની ઉદારતા દર્શાવવાની.
જો કોઈ, આંખના એક પલકારામાં,
તમારી સામે પીઠ ફેરવી લે,
તો તમે પણ ગોળ-ગોળ ફરીને
અને ઉન્મુક્તતાથી નૃત્ય કરતાં કરતાં
તેમને હર્ષથી ઉલ્લસિત કરી શકો છો.

જીવન દિવ્ય છે અને જીવન વૈભવશાળી છે.
દિવ્યતા અને વૈભવ એ જીવનમાં અંતર્નિહિત છે
જે પોતાનો અવાજ આકાશ સુધી પહોંચાડે છે,
અને આ પૃથ્વી પર જે ભૂખ્યાં છે તેને ભોજન કરાવે છે.

જીવન દયાળુ છે અને જીવન કૃપાથી ભરેલું છે.
જ્યારે મનુષ્ય એકબીજા સાથે પોતાની ઘનિષ્ઠતામાં
અને પરસ્પર આદર-સન્માનમાં

પ્રકાશને અને સત્યના અવાજને શોધી લે છે તો
દયાળુતા અને કૃપા હાથમાં હાથ લઈને નૃત્ય કરે છે.

જીવન ઈશ્વરની સાધના માટે સમર્પિત છે,
ઈશ્વરને પ્રાપ્ત કરવાની સાધના.
સાધના, ગુરુ તરફથી એક સુંદર ભેટ છે,
એક એવી ભેટ જે તમારા અવધાનને
પુનઃ એ તરફ લઈ જાય છે જે એક પરિતૃપ્ત કિસ્મતને જીવવા માટે
સર્વાધિક હિતકારી છે.

જીવન ગુરુના પ્રેમથી પ્રકાશિત છે.
એટલા માટે, તમારા મન, હૃદય અને આત્મા પ્રત્યે જાગરૂક રહો.
દિવ્ય પ્રકાશથી પૂર્ણ, તે પ્રખરતાથી ઝગમગે છે.

તમારા જીવન સાથે મિત્રતા કરો.
આ સંસાર મૃત્યુ સાથે કંઈ વધારે જ પરિચિત થઈ રહ્યો છે,
તેનો કંઈ વધારે જ સ્વીકાર કરી રહ્યો છે.

લોકો એ ભૂલવા લાગ્યા છે કે જીવવું એક કળા છે,
અને એ કે જીવવાનો અર્થ છે
તે કલ્યાણકારી શક્તિની સેવામાં જીવવું જેમાં તેઓ વિશ્વાસ રાખે છે—
તેમના માટે ભગવાન, જેઓ ભગવાનમાં વિશ્વાસ રાખે છે,
તેમના માટે પ્રકૃતિ, જેઓ પ્રકૃતિમાં વિશ્વાસ રાખે છે,
તેમના માટે માનવતા,
જેઓ સંસારની ખુશાલીમાં વિશ્વાસ રાખે છે.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.